# Day to Day Current Affairs

## 1.jAN 2016

### ૧. વર્ષ 2015 પુરુ થતા ICC ટોપ રેન્કિંગ તથા BCCIના એવોર્ડઝની જાહેરાત :

- ICC :
- આતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 2015માં ટેસ્ટમાં સૌથી વધુ 62 વિકેટ ઝડપીને ભારતીય સ્પીનર અશ્વિનને ICC એ નંબર વન બોલર જાહેર કર્યો છે.
- આ ઉપરાંત ટેસ્ટના ઓલરાઉન્ડરમાં પણ પોતાનો નંબરવનનો તાજ જાળવી રાખ્યો છે.
- 42 વર્ષ બાદ કોઈ ભારતીય ICC ના ટેસ્ટ બોલરોની યાદીમાં ટોંચ પર પહોંચવામાં સફળ રહ્યો છે. છેલ્લે 1973માં બિશન સિંઘ બેદીએ આ સિધ્ધિ મેળવી હતી.
- વર્ષની શરૂઆતમાં અશ્વિન 15માં ક્રમે હતો અને તેને આ સિધ્ધિ 9 ટેસ્ટમેચમાં 62 વિકેટ ઝડપીને મેળવી હતી.
- ICC ના ટેસ્ટ બેટ્સમેન રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયાનો સ્મિથ પ્રથમ સ્થાને રહ્યો હતો.
- તેમજ વન-ડે બેટીગ અને બોલીગમાં પ્રથમ ક્રમે અનુક્રમે ડિ વિલિયર્સ અને સુનિલ નારાયણ રહ્યા હતા.
- ભારતનો વિરાટ કોહલી વન-ડે બેટ્સમેન રેન્કિંગમાં બીજા સ્થાને રહ્યો હતો.
- ટી-20 બેટીગ અને બોલીગમાં અનુક્રમે એરોન ફિન્ચ અને સુનિલ નારાયન પ્રથમ ક્રમે રહ્યા હતા.
- ટી-20 બેટીગ રેન્કિગમાં પણ કોહલી બીજા સ્થાને રહ્યો હતો.
- BCCI :
- BCCI એ પણ વર્ષના અંતે એવોર્ડની જાહેરાત કરી હતી જે નીચે મુજબ છે.
- સી.કે.નાયડુ લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ-સૈયદ કિરમાણી
- ક્રિકેટર ઓફ ધ યરનો પોલી ઉમરીગર એવોર્ડ-વિરાટ કોહલી
- રણજીમાં સૌથી વધુ રન બનાવવા બદલ રોબીન ઉથપ્પાને માધવરાય સિધિયા એવોર્ડ.
- ડોમેસ્ટીકમાં સૌથી વધુ વિકેટ ઝડપવા બદલ વિનય કુમાર અને શાર્દુક ઠાકુરને સંયુકત એવોર્ડ.
- મહિલા ક્રિકેટર મિતાલી રાજને સર્વશ્રેષ્ઠ મહિલા ક્રિકેટર માટે એમએ ચિદમ્બરમ એવોર્ડ.
- બેસ્ટ અન્ડર – 19 ક્રિકેટર 2014-15 –અનમોલ પ્રિત સિંઘ.
- સર્વશ્રેષ્ઠ ક્રિકેટ એસોસિએશન એવોર્ડ – કર્ણાટક ક્રિકેટ એસોસિએશન.

### ૨. ડૉ.પાડલીયા :

- ગોધરામાં આદિવાસી બેલ્ટની પ્રથમ યુનિવર્સિટીને સ્થાનિક સંત ગોવિદ ગુરૂ યુનિવર્સિટી નામ અપાયુ છે.
- આ યુનિવર્સિટીના પ્રથમ કુલપતી બનવાનું બહુમાન ડૉ. પાડલીયાને મળ્યુ છે.
- ડૉ.પાડલીયા 2011 થી 2014 દરમિયાન સૌરાષ્ટ યુનિ.ના કુલપતી રહી ચુકયા છે.

### 3. કેન્સર રિસર્ચ માટે ભારતીય મૂળના રિસર્ચને નાઈટનો ખિતાબ:

- તાજેતરમાં કેન્સર માટેના ઉપચારમાં પ્રભાવશાળી સંશોધન કરવા બદલ ભારતીય મૂળના હરપાલસિંહ કુમારને બ્રિટન તરફથી મહારાણી એલિઝાબેથે નાઈટહૂડના ખિતાબથી નવાજ્યા છે.

### ૪. રવિકૃષિ મહોત્સવ પ્રારંભ :

- કચ્છના વેકરીયા રણમાં રાજ્ય કક્ષાના કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રીએ મહિલાઓ માટે દુધ મંડળી શરૂ કરવા માત્ર 1 રૂપિયાના ટોકનથી જમીન આપવાની જાહેરાત કરી હતી.
- તેમજ લાખોંદ ખાતે સરહદ ડેરી દ્વારા ઉંટડીના દુધનો પ્રથમ પ્રોસેસિંગ પ્લાન્ટ નિર્માણ પામશે જેમા 3.50 કરોડના નિર્માણ ખર્ચમાં 66 ટકા રકમ રાજ્ય સરકાર અને 34 ટકા રકમ સરહદ ડેરીની હશે.
- તેમજ પશુખાણ ઉત્પાદન પ્લાન્ટ માટે રાજ્ય સરકાર 10 કરોડની સહાય આપશે જેમા 2.51 કરોડનો પ્રથમ હપ્તો મુખ્યમંત્રીએ સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલને અર્પણ કર્યો હતો.

### પ્રશ્નો

૧. ICC ટેસ્ટ ક્રિકેટ નંબર વન બોલર ? – આર. અશ્વિન
૨. ICC ટેસ્ટ ક્રિકેટ નંબર વન ઓલરાઉન્ડર? – આર. અશ્વિન
3. 2015માં અશ્વિને ટેસ્ટમાં કુલ કેટલી વિકેટઝડપી? – 62
૪. ICC વન-ડે ક્રિકેટ નંબર વન બેટ્સમેન? – ડિ વિલિયર્સ
૫. ICC ટેસ્ટ ક્રિકેટ નંબર વન બેટ્સમેન? – સ્મિથ, ઓસ્ટ્રેલિયા
૬. ICC વન-ડે ક્રિકેટ નંબર વન બોલર? – સુનિલ નારાયણ
૭. BCCI ક્રિકેટર ઓફ ધ યર 2015 એવોર્ડ વિજેતા? – વિરાટ કોહલી.
૮. BCCI ના ક્રિકેટર ઓફ ધ યર એવોર્ડ સાથે ક્યા મહાન ક્રિકેટરનું નામ જોડાયેલું છે? – પોલી ઉમરીગર
૯. રણજીમાં સૌથી વધુ રન બનાવવા બદલ ક્યા ખેલાડીને માધવરાય સિંધિયા એવોર્ડ એનાયત થયો? – રોબીન ઉથપ્પા

Vivekanand Academy, Gandhinagar

૧૦. BCCI દ્વારા ડોમેસ્ટિક ક્રિકેટમાં સૌથી વધુ વિકેટ ઝડપવા બદલ ક્યાં બે ખેલાડીઓને સંયુકત એવોર્ડ અપાયો? – વિનય કુમાર,શાર્દુલ ઠાકુર
૧૧. BCCI દ્વારા સર્વશ્રેષ્ઠ મહિલા ક્રિકેટર એવોર્ડ વિજેતા..? – મિતાલી રાજ
૧૨. સર્વશ્રેષ્ઠ ક્રિકેટ એસોસિએશન એવોર્ડ...? – કર્ણાટક ક્રિકેટ એસોસિએશન
૧૩. બેસ્ટ અન્ડર-19 ક્રિકેટર 2014-15 ? – અનમોલપ્રિત સિંઘ
૧૪. તાજેતરમાં ગોધરામાં શરૂ થયેલ આદિવાસી બેલ્ટની પ્રથમ યુનિવર્સિટીને શું નામ અપાયુ? – ગોવિંદ ગુરૂ.
૧૫. ગોધરાની ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ કોણ હશે? –ડૉ.પાડલીયા
૧૬. તાજેતરમાં બ્રિટનમાં ક્યાં મૂળ ભારતીયને કેન્સર રિસર્ચ માટે નાઈહુડના ખિતાબથી નવાજ્યા? – હરપાલસિંહ કુમાર
૧૭. રવિ કૃષિ મહોત્સવના પ્રારંભે મુખ્યમંત્રીએ મહિલાઓ માટે કેટલા રૂપિયા ટોકનથી દુધ મંડળી માટે જમીન આપવાની જાહેરાત કરી? – 1.
૧૮. સરહદ ડેરી દ્વારા ઉંટડીના દુધનો પ્રથમ પ્રોસેસિંગ પ્લાન્ટ કઈ જગ્યાએ નિર્માણ પામશે? – લાખોંદ
૧૯. સરહદ ડેરી ક્યાં આવેલી છે? – અંજાર, કચ્છ
૨૦. પશુખાણ ઉત્પાદન માટે ગુજરાત સરકાર સરહદ ડેરીને કેટલી સહાય આપશે?.......... 10 કરોડ
૨૧. સરહદ ડેરી દ્વારા ઉંટડીના દુધના પ્રોસેસિંગ પ્લાન્ટમાં રાજ્ય સરકાર કેટલા ટકા સહાય આપશે? – 66 ટકા
૨૨. સરહદ ડેરીના ચેરમેન...? – વાલમજી હુંબલ

Vivekanand Academy, Gandhinagar